ગાંધીનગર સમાચાર

આજે મહેસુલી તલાટીઓની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે

# ગુજરાત ભાજપનો ગઢ હતો, છે અને રહેશે : અમિત શાહ



## રાષ્ટ્રીય પ્રમુખ પદે બીજી વખત વરણી પામ્યા બાદ ગુજરાત આવતા અમદાવાદ એરપોર્ટ પર ભવ્યાતીભવ્ય સ્વાગત કરાયું હતું : પ્રદેશના તમામ નેતાઓ અને મંત્રીમંડળના સભ્યો સહિત હજારો કાર્યકરોએ સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા

ગાંધીનગર,તા. ૨૭

ભાજપ પ્રમુખ અમિત શાહનું આજે શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. કોબા ભાજપ ઓફિસમાં શાનદાર સ્વાગત કરવામાં આવ્યા બાદ અમિત શાહે તેમના આક્રમક અંદાજમાં સંબોધન કર્યું હતું. પોતાના સંબોધનમાં અમિત શાહે કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. સાથે સાથે વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં લાગી જવા પક્ષના કાર્યકરોને અપીલ પણ કરી હતી. અમિત શાહની વિમાની મથકે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. કાર્યકરોને સંબોધતા અમિત શાહે નેતા અને કાર્યકરોને મતભેદો ભુલી જવા અને ચૂંટણી તૈયારીમાં લાગી જવા કહ્યું હતું. અમિત શાહે કહ્યું હતું કે, ગુજરાત ભાજપનો ગઢ છે અને હંમેશા ગઢ જ રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ગુજરાતમાંથી ભાજપને હટાવવાની કોઈની તાકાત નથી. દેશમાં ઉત્કૃષ્ઠ સંગઠન ગુજરાતમાં રહેલું છે. વિરોધી લોકો કેટલી પણ તાકાત લગાવે તો પણ ૨૦૧૭માં ચૂંટણીમાં જીત ભાજપની જ થશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મળેલી પીછેહઠની વાત કરતા તેમણે કહ્યું હતું કે, કેટલાક અંશે પીછેહઠ મળી છે પરંતુ શહેરો અને નગરપાલિકાઓમાં દેખાવ સારો રહ્યો છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને પ્રદેશ પ્રમુખ વિજયભાઈ રુપાણીના નેતૃત્વમાં જ્યાં જરૂર હશે ત્યાં સુધારા કરવામાં આવશે. વર્ષ ૨૦૧૭માં યોજાનારી ગુજરાતની ચૂંટણી લોકસભાની ચૂંટણીનો પાયો નાંખશે. ભાજપનો વિજય માત્ર પક્ષ માટે નહીં પરંતુ દેશ માટે પણ જરૂરી છે. ગુજરાતના સુશાસનના કારણે કેન્દ્રમાં અમને તક મળી હતી. જેએનયુ વિવાદનો મુદ્દો પણ અમિત શાહે ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, દેશ વિરોધી સુત્રોચ્ચાર કરનાર લોકો સાથે કોંગ્રેસ સહમત છે. ગુજરાતના લોકો કોંગ્રેસ શાસન સમયના ટેન્કરરાજ, રમખાણો અને ખેડૂતોના ઉભા પાક બળી જવાના મામલાઓને ભુલશે નહીં. અમિત શાહના સ્વાગત માટે તમામ ટોચના નેતાઓ પહોંચ્યા હતા જેમાં ફળદુ, સૌરભ પટેલનો પણ સમાવેશ થાય છે. રંગારંગ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

કોંગ્રેસની નીતિઓ પશ્ચિમી વિચારોથી રંગાયેલી છે. નવા વિચારો રજૂ કરવા માટે ભાજપની રચના કરાઈ હતી. ગૌરક્ષા પ્રતિબંધ આંદોલન, કચ્છ બચાવો આંદોલન, ગોવા મુક્તિ, હૈદરાબાદ બચાવો, રામજન્મભૂમિ જેવા મામલા સત્તાપ્રાપ્તિ માટે ન હતા. ભાજપે ભારતનું સ્થાન દુનિયામાં સ્થાપિત કર્યું છે.

# આજે મહેસુલી તલાટીઓની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે

## જિલ્લામાં ૩૯૦૭૬ પરીક્ષાર્થી : ૧૧૫ કેન્દ્રો પર પરીક્ષા લેવાશે ૨૨ રૂટ નિયત કરાયા : પરીક્ષાનું રેકોર્ડિંગ કરાશે

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં આજે ૧૧૫ કેન્દ્રો પર ૩૯૦૭૬ વિદ્યાર્થીઓ તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષા આપશે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા મહેસુલી તલાટીની આજે યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષા અંગે જિલ્લા તંત્રએ તૈયારીઓ પુરી કરી દીધી છે. જિલ્લાના ૧૧૫ કેન્દ્રો પર યોજાનારી આ પરીક્ષા માટે ૨૨ રૂટ નિયત કરવામાં આવ્યા છે.

અધિક નિવાસી કલેક્ટર વિજય કાલરિયાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે પરીક્ષા દરમ્યાન મંડળના પણ વિશેષ અધિકારીઓ પરીક્ષાર્થીઓ પર સીધી નજર રાખશે. આ સમગ્ર પરીક્ષા પ્રક્રિયાનું રેકોર્ડિંગ પણ કરવામાં આવનાર છે.

૧૧૫ કેન્દ્રો પૈકી ગાંધીનગર શહેર અને તાલુકામાં ૩૩ સ્કૂલો અને ૪૧ કેન્દ્રો કોલેજ સંકુલમાં આવેલા છે. ચાંદખેડા અને મોટેરા પંથકની ૧૫ સ્કુલોમાં, કલોલની ૧૭ સ્કૂલ, માણસામાં ૩ સ્કૂલ અને દહેગામમાં ૬ સ્કૂલમાં આ પરીક્ષા કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

પરીક્ષામાં એક કલાકનું પ્રશ્નપત્ર રહેશે. પરીક્ષાખંડમાં કોઈપણ પરીક્ષાર્થીને કોઈપણ પ્રકારનું ઈલેક્ટ્રોનિક ઉપકરણ સાથે પ્રવેશ આપવામાં આવશે નહિ.

શ્રી કાલરિયાએ જણાવ્યું હતું કે સવારે ૧૧ વાગ્યાથી પરીક્ષા કેન્દ્રમાં

● અનુસંધાન પાન-૭ પર



**શુભેચ્છા** - ગાંધીનગર શહેરમાં સતત રસ લેતા રાજ્યના નિવૃત્ત મુખ્ય સચિવ ડી. જે. પાંડિયન એશીયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બેંકના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે નિમણુંક થતાં શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓ દ્વારા શુભેચ્છા સમારોહ યોજાયો હતો. શહેરના અગ્રણીઓ શ્રી પાંડિયનનો આભાર માની તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવી હતી. **(તસવીર : દિપક જાની)**

# મનપાની ચૂંટણી માટે રાજ્ય ચૂંટણીપંચ કલેક્ટર ઓફિસમાં સોમવારે આવી પહોંચશે

ગાંધીનગર, તા. ૨૭

૨૯મી ફેબ્રુઆરીને સોમવારના રોજ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના સીમાંકન અંગે રજુ થયેલા વાંધા-સૂચનો તેમજ રાજકીય પક્ષો સાથે પરામર્શ બેઠક યોજવા રાજ્ય ચૂંટણી પંચ આવી રહ્યુ છે.

બપોરે ૩.૩૦ વાગે ચૂંટણી કમિશનર શ્રી ડૉ. વરેશ સિંહાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે પંચ આવી પહોંચશે. તેઓ પહેલાં વાંધા-સૂચનો અંગેની રજુઆતો સાંભળશે તેમજ રાજકીય પક્ષો સાથે આ બાદ પરામર્શ બેઠક યોજશે.

મળતી વિગતો પ્રમાણે નવા સીમાંકન અંગે કોંગ્રેસ-ભાજપ તેમજ એક અન્ય સંગઠ્ઠન દ્વારા ચાર થી આઠ જેટલા વાંધાઓ રજુ કરવામાં આવ્યા છે. કોંગ્રેસ દ્વારા સીમાંકનમાં ભૌગોલિક પરિસ્થિતિ ધ્યાને લીધા સિવાય, રાજ્ય સરકારના દબાણ હેઠળ આ સીમાંકન કરવામાં આવ્યું હોવાનું જણાવી એવી રજુઆત કરી છે કે દરેક જગ્યાએ બેઠકો વધી છે જ્યારે ગાંધીનગરમાં ઘટી છે.

અનામત બેઠકોની ફાળવણીને લઈ પણ વાંધા રજુ થયા હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામ પાસે ડમ્પરની ટક્કરથી દિવાલ ધસી પડતા પાંચના મોત

ગાંધીનગર, તા.૨૭

દેહગામ-નરોડા રોડ પર આવેલા દંસપુરા ગામે મોડી રાત્રે ડમ્પર ચાલકે ટક્કર મારતા સુતેલા પાંચ લોકો પર દીવાલ પડી હતી. જ્યાં પતિ-પત્નિ નુ ઘટના સ્થળે જ મોત થઈ ગયુ હતુ. જયારે ત્રણ લોકોને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ ડમ્પરચાલક ઘટનાસ્થળ થી ફરાર થઈ ગયો હતો. આ ઘટનાની જાણ થતા પોલિસની ટીમ પહોંચી ગઈ હતી અને ઘટનાની તપાસ હાથધરી છે.

સૂત્રો મુજબ શહેરના નરોડા-દહેગામ રોડ પર દંસપુરા ગામે આવેલી સત્વગ્રીન પાર્ટી પ્લોટની દીવાલ ડમ્પરની ટક્કરથી પડી ગઈ હતી, જેમા મૂળ સંતરામપુરાના પીન્ટુભાઈ ગૌતમભાઈ પારગી, શારદાબેન પિન્ટુભાઈ પારગી, ઉષ્માબેન ગૌતમભાઈ પારગી (ઉમ્ર.૧૮) શર્મિલાબેન ગૌતમભાઈ પારગી (ઉવ.૧૯) અને પરબતભાઈ બુનિયા પસાટા (ઉવ. ૩૨) સુઈ રહ્યા હતા, તે દરમ્યાન રાત્રીના ૧૧.૩૦ ના સુમારે એક ડમ્પર ચાલકે બેદરકારીથી ડમ્પર રિવર્સ

● અનુસંધાન પાન-૭ પર

# વિજ્ઞાન-અધ્યાત્મનો સમન્વય માનવજાતિને બચવા માટે જરૂરી : ડો. રઘુવીર ચૌધરી

## શિવ,રામ,કૃષ્ણ ભારતીય સંસ્કૃતિની ધરોહરઃ સંતોએ નાની બાબતોમાં પણ સંસ્કૃતિની જાળવણી કરી છે : ડો. ચૌધરી : કડી સંકુલની ઉમા આર્ટસ કોલેજમાં યોજાયેલા રાષ્ટ્રીય પરિસંવાદમાં ભારતીય સંસ્કૃતિની ધરોહર સંદર્ભે વિવિધ વિષયો સંબંધિત ૨૦૭ સંશોધનપત્રો રજુ કરાયા : એક આંતરરાષ્ટ્રીય ૧૩ રાષ્ટ્રીય તેમજ અન્ય સ્થાનિક કક્ષાએથી રસપ્રદ સંશોધનપત્રો રજુ કરાયા

ગાંધીનગર તા ૨૭

ભગવાન શિવ રામ અને કૃષ્ણ ભારતીય સંસ્કૃતિની ધરોહર છે.જેના આધારે સાહીત્ય અને સંસ્કૃતિને પ્રસ્થાપિત કરી શકાય માનવજાતિએ બચવા માટે વિજ્ઞાન અને આધ્યાત્મનો સમન્વય જાળવવો અનિવાર્ય છે. તેમ જણાંવતા જાણીતા સાહીત્યકાર રઘુવીર ચૌધરીએ ભારતીય સંસ્કૃતિના ધરોહરની જાળવણી કઈ રીતે થતી આવી છે અને કઈ રીતે થઈ શકે તે માટે રામકૃષ્ણ પંડીત અને સ્વામી વિવેકાનંદના દ્રષ્ટાંતો રજુ કરી સમજણ આપી હતી. કડી કેમ્પસની ઉમા આટર્સ નાથીબા કોમર્સ કોલેજમાં આજે સંસ્કૃતિની જાળવણી સંદર્ભે રાષ્ટ્રીય પરિસંવાદનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ દરમિયાન સમગ્ર દેશમાંથી ઉપસ્થિત રહેલા ૧૨૫ જેટલા વિધ્વાનોએ વિવિધ વિષયોને સાંસ્કૃતિક ધરોહર સાથે સાંકળી રસપ્રદ સંશોધન પત્રો રજુ કર્યા હતા.

સે-૨૩ કડી કેમ્પસની કોલેજમાં યોજાયેલા રાષ્ટ્રીય પરિસંવાદ દરમિયાન જ્ઞાનપીઠ વિજેતા રઘુવીર ચૌધરીએ વિશેષ હાજરી આપી હતી. આ તબક્કે તેમણે જણાંવ્યુ હતુ કે ભારતીય સંસ્કૃતિની ધરોહરના શિવ રામ અને કૃષ્ણ ઉત્તમ ઉદાહરણો છે. સાહિત્ય અને સંસ્કૃતિ તેમના માધ્યમથી પ્રસ્થાપિત કરી શકાય છે.તેમણે રામકૃષ્ણ પરમહંસ ,સ્વામી વિવેકાનંદ તેમજ વિનોબા ભાવેના દ્રષ્ટાંતો આપી સંતો કેવી રીતે પોતાના જીવનમાં નાની વાતોને લઈને પણ




● અનુસંધાન પાન-૭ પર

## આઈપીએસ અધિકારીનો લીંબડી નજીક અકસ્માતમાં બચાવ

અમદાવાદ,તા. ૨૭

આઈપીએસ અધિકારી પ્રવિણ સિંહાને આજે અકસ્માત નડ્યો હતો અને તેમને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. પ્રવિણ સિંહા પોતાની કારમમાં અમદાવાદથી રાજકોટ આળી રહ્યા હતા ત્યારે લીંબડી પાસે ટોકરાણા ગામ નજીક ટ્રક પાછળ એમની કાર ઘુસી ગઈ હતી અને એમને વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. પ્રવિણ સિંહાને તત્કાળ લીંબડીના દવાખાનેથી વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે.

તાજેતરમાં જ રાજકોટ રેંજ આઈજી તરીકે સેવા આપનાર પ્રવિણ સિંહાની બદલી થઈ હતી અને અત્યારે તેઓ સેન્ટર વિલિજન્સમાં સેવા આપી રહ્યા છે. જો કે, એમને કોઈ ગંભીર ઈજા થઈ નથી અને સામાન્ય ઈજા થઈ હોવાનું ખુલ્યું છે. આઈપીએસ પ્રવિણ સિંહા અમદાવાદથી રાજકોટ તરફ આવતા ત્યારે આ બનાવ બન્યો હોવાનું ખુલ્યું છે.

સીઝનમાં ભરવાલાયક દરેક પ્રકારના
નવા ચોખા તથા
કોલ્હાપુરી ગોળ મળશે
ગુજરાત ૧૭ | જીરાસર | લચકારી કોલમ
દાવત બાસમતી | રેશમ બાસમતી
કોહીનુર બાસમીત | પરી બાસમતી
નવી તુવેરદાળ
ઘનશ્યામ એન્ટરપ્રાઈઝ
પ્લોટ નં. ૩૮૬, પી.એન.બી. બાજુમાં, સેક્ટર-૧૬, ગાંધીનગર
મો. ૯૮૨૪૦ ૧૭૫૩૬

વિશ્વા મંડપ ડેકોરેટર્સ
કેટરર્સ
દરેક શુભ પ્રસંગે મંડપ, મેરેજ સ્ટેજ, રીસેપ્શન સ્ટેજ, લાઈટ, ગાદલા, ખુરશી, રસોઈના વાસણો ભાડેથી મળશે.
● પીરસનાર સ્ટાફ, રસોઈ (બુફે કાઉન્ટર)
● અમારે ત્યા દરેક શુભ પ્રસંગે લેબર તથા ડીસ કોન્ટ્રાક્ટથી ઓર્ડર લેવામાં આવશે.
● શુભ પ્રસંગે રસોઈ તથા મંડપના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
મુ. પેથાપુર, અંબિકા ચોક, બજારમાં, તા.જી. ગાંધીનગર
પ્રો. મહેશભાઈ બી. દરજી
મો. ૯૭૧૪૮૯૮૯૯૯, ૯૮૨૪૦ ૦૯૧૨૬




જગ્યા ભાડે આપવાની છે
સેક્ટર-૨૮, ૧૦૧/૧/૪, જીઆઈડીસી, જલારામ આઈસ ફેક્ટરી સામે, ગાંધીનગર
(૧) બેઝમેન્ટ માપ - ૧૬૫૦ ફૂટ
(૨) ગ્રાઉન્ડ ફ્લોર માપ - ૧૬૫૦ ફૂટ
(૩) પહેલો માળ માપ - ૧૬૫૦ ફૂટ
તથા આગળનો શો-રૂમ માપ : ફૂટ ૯૦૦
સંપર્ક ૯૮૨૪૨ ૩૭૦૦૮

જગ્યા ભાડે આપવાની છે
શ્રી સ્કવેર, પેથાપુર ચાર રસ્તા, પેથાપુર - ગાંધીનગર રોડ
પંપની લાઈનમાં, પેથાપુર
ગ્રાઉન્ડ ફ્લોર - કોર્નર દુકાન
માપ : કારપેટ - ૫૫૦ ફૂટ
સંપર્ક : ૯૮૨૪૨ ૩૭૦૦૮

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com